શહેરોના આસપાસના ઓ.જી.વિસ્તારો કે જે શહેરી
વિસ્તાર તરીકે વર્ગીકરણ કરવામાં આવ્યું ન હોય
પરંતુ ગ્રામ પંચાયત હોય તેવા વિસ્તારોની પીવાના
પાણીની બાબતે સ્પર્શે ત્યાં સુધી ગ્રામ્ય વિસ્તાર
ગણી પાણી પુરુ પાડવા અંગે.

Technical Cell
In. No. 622
Date : 22/7/

## ગુજરાત સરકાર

નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ,
પરિપત્ર ક્રમાંકઃ અછત/ ૧૦૨૦૧૨૩/૧૯૦/ખ.૪,
સચિવાલય, ગાંધીનગર
તારીખઃ૧૦/૭/૨૦૧૪

વંચાણે લીધાઃ-

(૧) આ વિભાગના તા.૧/૮/૧૨ના પરિપત્ર ક્રમાંકઃ.વીડબ્લયુએસ/૧૦૧૦૧૨/૧૯૦(૩)/ ખ.૪
(૨) કલેકટરશ્રી રાજકોટના તા.૩/૭/૧૪ના પત્રનં. અછત/પાણી/સોસાયટી/વશી/ ૭/૨૦૧૪

<u>પ્રસ્તાવના</u>

રાજયના શહેરોના આસપાસના ઓ.જી.વિસ્તારો કે જેને પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ વિભાગ દવારા વસ્તી ગણત્રી મુજબ શહેરી વિસ્તાર તરીકે વર્ગીકરણ કરવામાં આવ્યું ન હોય પરંતુ ગ્રામ પંચાયત હોય તેવા વિસ્તારોને પીવાના પાણીની બાબત સ્પર્શે ત્યાં સુધી ગ્રામ્ય વિસ્તાર ગણવા અને આ બાબતે પાણી પુરવઠા પ્રભાગના બજેટમાં આ વિસ્તારની અછતની કામગીરી બાબતે કોઇ જોગવાઇ કરવામાં આવેલ ન હોવાથી, કાર્યપાલક ઇજનેર, પાણી પુરવઠા અને કલેકટરશ્રીની ભલામણ હોય ત્યાં ૧૦૦ ટકા સરકારી ખર્ચથી ગામમાં સ્થાનિક સોર્સ સુકાઇ ગયા હોય ત્યાં પીવાના પાણીની તંગીના સમયગાળા દરમ્યાન ટુંકાગાળાના અને ઓછા બજેટમાં થાય તેવા તમામ કામો તથા ટેન્કરથી પાણી પુરુ પાડવાની જરૂરીયાત ઉભી થાય તેવા સંજોગોમાં ઓછામાં ઓછુ ૩૦ લીટર પ્રતિવ્યકિત/ પ્રતિદીન પાણી મળે તેવી વ્યવસ્થા કરવાની કામગીરી જીલ્લા રાહત અછત સમિતિમાં

૧૩૬

મંજુર કરી કરવા વંચાણે લીધેલ ક્રમાંક-(૧)માં દર્શાવેલ પરિપત્રથી પીવાના પાણીની તંગીની સમયગાળામાં એટલે કે તા.૩૧/૩/૨૦૧૩ સુધી અમલ કરવામાં આવેલ.

આ બાબતે વંચાણે લીધેલ ક્રમાંક- (૨) થી કલેકટરશ્રી રાજકોટ દ્વારા આ પ્રકારની વ્યવસ્થા કાયમી કરવા દરખાસ્ત કરવામાં આવેલ. આ બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

પરિપત્ર -

પુખ્ત વિચારણાના અંતે સરકારશ્રીના નિર્ણય મુજબ રાજયના શહેરોના આસપાસના ઓ.જી.વિસ્તારો કે જેને પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ વિભાગ દવારા વસ્તી ગણત્રી મુજબ શહેરી વિસ્તાર તરીકે વર્ગીકરણ કરવામાં આવ્યું ન હોય પરંતુ ગ્રામ પંચાયત હોય તેવા વિસ્તારોને પીવાના પાણીની બાબત સ્પર્શે ત્યાં સુધી ગ્રામ્ય વિસ્તાર ગણવા અને આ બાબતે કાર્યપાલક ઇજનેર, પાણી પુરવઠા અને કલેકટરશ્રીની ભલામણ હોય ત્યાં ૧૦૦ ટકા સરકારી ખર્ચથી ગામમાં સ્થાનિક સોર્સ સુકાઇ ગયા હોય ત્યાં પીવાના પાણીની તંગીના સમયગાળા દરમ્યાન ટુંકાગાળાના અને ઓછા બજેટમાં થાય તેવા તમામ કામો તથા ટેન્કરથી પાણી પુરુ પાડવાની જરૂરીયાત ઉભી થાય તેવા સંજોગોમાં ઓછામાં ઓછુ ૩૦ લીટર પ્રતિવ્યકિત/ પ્રતિદીન પાણી મળે તેવી વ્યવસ્થા કરવાની કામગીરી જીલ્લા રાહત અછત સમિતિમાં મંજુર કરી ચાલુ અછત/અર્ધઅછતની પરિસ્થિતિ પ્રવર્તે ત્યાં સુધી અમલીકરણમાં રહેશે.

આ પરિપત્ર સરખા ક્રમાંકની ફાઇલ પર સરકારશ્રીની તા.૧૦/૦૭/૨૦૧૪ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવેછે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(મહેશ સિંહ)
અધિક સચિવ (આયોજન)

નકલ રવાના પ્રતિઃ

૧. માન.મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી. સચિવાલય, ગાંધીનગર.
૨. માન.મંત્રીશ્રી (નાણાં)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

૩. માન.મંત્રીશ્રી (પા.પુ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
૪. માન.રા.ક.મંત્રીશ્રી (પા.પુ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
૫. મુખ્ય સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર.
૬. અધિક મુખ્ય સચિવશ્રી (નાણાં), નાણાં વિભાગ,સચિવાલય,ગાંધીનગર.
૭. અગ્ર સચિવશ્રી (પા.પુ.),ન.જ.પા.પુ અને ક. વિભાગ,સચિવાલય,ગાંધીનગર.
૮. રાહત કમિશનરશ્રી,સચિવાલય,ગાંધીનગર.
૯. અધ્યક્ષશ્રી, ગુ.પા.પુ અને ગ.વ્ય. બોર્ડ, બોર્ડ કચેરી,ગાંધીનગર.
૧૦.સભ્ય સચિવશ્રી, ગુ.પા.પુ અને ગ.વ્ય. બોર્ડ, બોર્ડ કચેરી,ગાંધીનગર.
૧૧.મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ગુજરાત વોટર ઇન્ફ્રાસ્ટ્રકચર લી.ગાંધીનગર.
૧૨.મુખ્ય કારોબારી અધિકારીશ્રી, વાસ્મો,ગાંધીનગર.
૧૩.મુખ્ય ઇજનેરશ્રી,પ્લાનીંગ/ટેકનીકલ ગુ.પા.પુ અને ગ.વ્ય. બોર્ડ, ગાંધીનગર.
૧૪.નાણાં નિયંત્રકશ્રી, ગુ.પા.પુ અને ગ.વ્ય. બોર્ડ, બોર્ડ કચેરી,ગાંધીનગર.
૧૫.મુખ્ય ઇજનેરશ્રી ,(સર્વે) ગુ.પા.પુ અને ગ.વ્ય. બોર્ડ,
૧૬.કલેકટરશ્રી, (સર્વે)
૧૭.જીલ્લા વિકાસ અધિકારીશ્રી, (સર્વે)
૧૮.નાયબ સેકશન અધિકારીશ્રી/ સિલેકટ ફાઇલ.